NCS Code: 3257.0600, CCode: SC014

# પશુ આરોગ્ય કાર્યકર્તા (એનિમલ હેલ્થ વર્કર)

પશુ આરોગ્ય કાર્યકર પશુ તથા મરઘાં/પોલ્ટ્રી માટેની નિવારક આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડે. તેઓ રોગ નિયંત્રણમાં સહાય કરે છે તેમજ પ્રાથમિક ઉપચાર સેવાઓ પૂરી પાડે છે. તેઓ માન્યતાપાત્ર પશુચિકિત્સકની દેખરેખ હેઠળ કામ કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે પ્રાણીઓની સંભાળ લેવાનું પસંદ કરો છો
- તમે વિજ્ઞાનનો આનંદ માણો છો
- તમને નેતૃત્વ કરવું પસંદ કરો છો
- તમને બહાર કામ કરવાનું ગમે છે



આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૨૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. પશુચિકિત્સા વિજ્ઞાન અને પશુપાલન / પશુ વિજ્ઞાન / પશુપાલન અને ડેરી વગેરેમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

માન્ય બોર્ડમાંથી ધોરણ ૧૦ પૂર્ણ કરો અને જળચર પ્રાણી આરોગ્ય પ્રયોગશાળા સહાયક અથવા તે પ્રકારના અભ્યાસક્રમોમાં રાષ્ટ્રીય કૌશલ્ય લાયકાત ફ્રેમવર્ક લેવલ ૪માં પ્રવેશ મેળવો. **અથવા**

માન્ય બોર્ડમાંથી ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨ પૂર્ણ કરો અને ત્યારબાદ પશુચિકિત્સા વિજ્ઞાનમાં બી.વોક.ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

પશુ આરોગ્ય કાર્યકરનું અંદાજીત માસિક વેતન રૂ. ૨૦,૦૦૦ થી ૩૭,૫૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://bit.ly/3Hkcy15

NCS Code: 3257.0600, CCode: SC014

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ખેડૂતો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓને સહયોગ પુરો પાડતી સરકારી એજન્સીઓ.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ નથી. તમારે બહાર ફિલ્ડમાં કામ કરવાનું રહેશે. સ્થાનિક મુસાફરી એ તમારી ભૂમિકાનો એક ભાગ હોઈ શકે છે. તમને ભયભીત થયેલા પ્રાણીઓ કરડવાનું, લાત મારવાનું કે ઉઝરડા થવાનું જોખમ રહેલું છે. તમારું કાર્યસ્થળ ઘોંઘાટીયું અને દુર્ગંધયુક્ત બંને હોય શકે છે. તમારા કામના કલાકો નિયમિત એટલે કે અઠવાડિયાના ૫ થી ૬ દિવસ માટે દિવસમાં ૮ થી ૯ કલાક હોય તેવી સંભાવના છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

પશુ આરોગ્ય કાર્યકર → સુપરવાઈઝર/માન્ય પશુચિકિત્સક → એરિયા મેનેજર અથવા પશુ આરોગ્ય કાર્યકર → તાલીમકર્તા → સુપરવાઈઝર અથવા પશુ આરોગ્ય કાર્યકર → તાલીમકર્તા → સુપરવાઈઝર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એનિમલ હેલ્થ વર્કર, લાઈવસ્ટોક સુપરવાઈઝર, કોમ્યુનિટી વેટરનરીઅન

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ પશુચિકિત્સા તથા પશુ વિજ્ઞાન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એગ્રીકલ્ચર સ્કીલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા
૨. નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સિટી, નવસારી
૩. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ
૪. હિન્દુ કોલેજ, દિલ્હી
૫. ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજ, કોઈમ્બતુર
૬. ફારૂક કોલેજ, કોઝિકોડ
૭. સેન્ટ સ્ટીફન્સ કોલેજ, દિલ્હી
૮. કૉલેજ ઓફ વેટર્નરી સાયન્સ એન્ડ એનિમલ હસબેન્ડરી, જુનાગઢ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. ભગવંત યુનિવર્સિટી, અજમેર
૩. ડૉ કે.એન. મોદી યુનિવર્સિટી, રાજસ્થાન
૪. સંગમ યુનિવર્સિટી, રાજસ્થાન
૫. અભિલાશી યુનિવર્સિટી, હિમાચલ પ્રદેશ
૬. એપેક્સ ઈન્સ્ટિટ્યુટ ઑફ વેટરનરી લાઈવસ્ટોક ડેવલપમેન્ટ ડિપ્લોમા, હરિયાણા
૭. ગાંધીનગર યુનિવર્સિટી, ગાંધીનગર
૮. અરવલી વેટરનરી કોલેજ, સીકર

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

ઝારખંડના પૂર્વ સિંઘભુમ જિલ્લાના મુખ્ય મથકના ઈન્દાતાડા ગામના રહેવાસી **ભાદુરાની મહતો** (૩૫), પશુ-સખી (પ્રાણી મિત્ર અથવા પશુ આરોગ્ય કાર્યકર) છે. તેમની કામગીરીમાં ખેડૂતોને તેમના પશુધન માટે આરોગ્ય તપાસ, રસીકરણ, કૃમિનાશક, સ્વચ્છતા, સંવર્ધન, ખોરાક અને પશુ કચરાના સંચાલન વિશે સલાહ આપવાનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ, છેવાડાના વિસ્તારો સુધી પશુધન વ્યવસ્થાપન અંગેની સુવિધાઓ પુરી પાડવાના ઉદ્દેશ્ય સાથે આ કાર્યક્રમની સંકલ્પના કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૭-૧૮માં, ઝારખંડ ઓપોર્ચ્યુનિટીઝ ફોર હાર્નેસિંગ રૂરલ ગ્રોથ (જોહર) એ પરિયોજનાને પોતાના હાથમાં લીધી અને વિશ્વ બેંકે તેને ભંડોળ આપવાનું શરૂ કર્યું.*

સ્ત્રોતઃhttps://www.gaonconnection.com/aajeevikaconnection/liVestock-nurse-effort-make-poultry-and-goat-farming-profitable-43214

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.